PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/કવા–૦૨/૧૮–૧૯/ 9227(2) તા 30-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાભી ગોવિંદ ડાયાભાઈ,
જામગઢકા
તા.કલ્યાણપુર
જી: દેવભુમી દ્વારકા
પીનકોડ–૩૬૧૩૨૦
મો: ૯૭૨૬૨૩૨૪૪૦

**વિષય :–ખેતીવાડી જોડાણ ચાલુ કરાવવા અંગે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૧/કવા–૦૨/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૧/કવા–૦૭/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૩–૧૦–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ડાભી ગોવિંદ ડાયાભાઈ, ગામ: જામગઢકા**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી જોડાણ ચાલુ કરાવવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | **અરજદાર જણાવે છે કે,** તેઓએ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરીમાં ડાયાભાઈ ગોવિંદભાઈ ડાભી ના નામના ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટેની અરજી કરેલ હતી જેના ભાવ પત્રક ની રકમ પણ તેઓએ ભરી આપેલ હોય -- ઘણા લાંબા સમયથી તેઓની માગણી મુજબનું ખેતીવાડી વીજ જોડાણ ચાલુ કરાયેલ નથી, આમ, **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ગોવિંદ ડાયાભાઇ ડાભી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. જામગઢકા ખાતે ખેતીવાડી વિજ જોડાણ બાબત માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર અરજદાર દ્વારા તા. ૧૭.૦૭.૨૦૧૭ ના રોજ રસીદ નંબર ૯૨૩૦૮૫-૮૬-૮૭ થી ભરપાઈ કરેલ.પરંતુ સ્થળ પર કામગીરી હાથ ધરતા અરજદારની બાજુના ખેડૂત જગાભાઇ પમાભાઇ ડાભી દ્વારા લેખિતમાં વાંધા અરજી આપેલ છે.<br>ઉપરોક્ત ખેડૂતો દ્વારા વાંધો લેવામાં આવતા અરજદારના વિજ જોડણને નડતાં પ્રશ્નો નું નિરાકરણ લાવવા માટે તેને પત્ર નં - કેપીએસડી/ટેક /૨૦૫૨ , તા:-૩૧.૦૩.૨૦૧૮ થી પ્રાંત અધિકારીને નિરાકરણ માટે મોકલવેલ છે. આ સદર કેશનું નિરાકરણ આવેલ નથી. સદર બાબતે પ્રાંત કચેરીનો આ બાબતે રૂબરૂ સંપર્ક કરતાં તેઓ દ્વારા હવે પછી નવી તારીખ જણાવવામાં આવશે એવું જણાવેલ.તથા આ બાબતે પ્રાંત અધિકારી શ્રીને પત્ર નંબર ૮૧૮૪ તા.૨૦.૧૦.૨૦૧૮ થી પણ જણાવેલ.આ સંદર્ભે અરજદારને કેએસડી/ટેક/૧૮/૮૧૪૫ તા.૧૬.૧૦.૨૦૧૮ પત્ર દ્વારા જાણ કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગત ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ડાભી ગોવિંદ ડાયાભાઈ દ્વારા પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર મા નવુ વીજજોડાણ મેળવવા માટેની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયત ભાવપત્રક અપાતા અરજદાર દ્વારા તા. ૧૭.૦૭.૨૦૧૭ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજજોડાણ આપવાની કામગીરી હાથ ધરતા – **અરજદારની બાજુના ખેડૂત જગાભાઇ પમાભાઇ ડાભી દ્વારા** વીજલાઈન કામ અંગે વિરોધ નોંધાવતા આગળ ની કાર્યવાહી થયેલ ન હોય – જેથી સદર તકરાર નુ નિરાકરણ ન આવતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – **પ્રાંત કચેરી** શ્રી દેવભુમી દ્વારકા ને ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૧૦ ની કલમ –૧૨ (૨) અને ઈલેકટ્રીસીટી ટેલીગ્રાફ એકટ ૧૮૮૫ ની કલમ –૧૬ (૧) અને નામદાર જીઈઆરસી ના રેગ્યુલેશન નં.–૧૧ – ઈલેકટ્રીસીટી સપ્લાય કોડ અને સંલગ્ન બાબતો ની કલમ નં.–૪.૧.૪ અંતર્ગત પત્ર તા.૩૧–૦૩–૧૮ થી નિરાકરણ માટે મોકલાવેલ છે. જે હાલ મા પડતર છે. |
| <u>૩.૨</u> | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદદા નં: ૨.૩૦(૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – ન્યાયિક પ્રક્રીયા હેઠળ પ્રાંત અધિકારી દ્વારકા ખાતે પડતર હોય – જેથી સદર કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**